ક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/2020/4416
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ,
સેક્ટર-10-બી, ગાંધીનગર.
તા.16/03/2020

પ્રતિ,
આચાર્યશ્રી,
નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
તમામ, ગુજરાત રાજ્ય.

<u>વિષય:-</u> માર્ચ – 2020ની પરીક્ષાના મધ્યસ્થ મુલ્યાંકનની કામગીરી બાબત.

<u>સંદર્ભ 1:-</u> શિક્ષણ વિભાગના તા. 15/03/2020ના જાહેરનામા ક્રમાંક **પરચ** – 112020 – 151 – વ.ર.

<u>સંદર્ભ 2:-</u> ગુ.મા અને ઉ.મા પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો – 2005ના વિનિયમ 36(8).

મહાશયશ્રી,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે **સંદર્ભ** – 1 અનુસંધાને શિક્ષણ વિભાગ દ્વારા બે સપ્તાહ તા. 16/03/2020 **થી** 29/03/2020 સુધી શાળાઓમાં કોરોના વાયરસના અગમચેતીના પગલાં અન્વયે શૈક્ષણિક કાર્ય મોકુફ રાખેલ છે. જ્યારે બોર્ડની જાહેર પરીક્ષાઓ રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવેલ છે. આમ, બોર્ડ દ્વારા સંચાલિત તમામ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોની કાર્યવાહી પણ ચાલુ રાખવામાં આવશે. આમ શાળાઓમાં શૈક્ષણિક કામ બંધ હોવાથી જ્યારે બીજી તરફ મધ્યસ્થ મૂલ્યાંકન ચાલુ હોવાથી જે શિક્ષકોના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રની કામગીરીમાં હુકમ થયેલ છે તેઓએ ફરજીયાત હાજર રહેવાનું રહેશે. તેમને **સંદર્ભ** – 2થી અસામાન્ય સંજોગો સિવાય મુક્તિ મળવા પાત્ર રહેશે નહિ જેની નોંધ લેશો. ગેરહાજર સબબ **સંદર્ભ** – 2માં ઠરાવેલ જોગવાઇઓ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

<u>સવિનય નકલ રવાના:-</u>

(1) માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
(2) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
(3) માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
(4) નાયબ નિયામક પરીક્ષા ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર(સા.પ્ર./વિ.પ્ર.) કાર્યવાહી કરવા સારૂ.
(5) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામને તાબા હેઠળની શાળાઓને જાણ કરવા સારૂ.